NJCT
TO CREATE A COMMUNITY OF 'RISHEY'
Initiative By NJ Charitable Trust

# चित्त THE CONSCIOUS BEING

JUN 2021

## સંપાદકીય

NJCT - એનજે ચેરીટેબલ ટ્રસ્ટ આપ સૌને **ચિત્ત... the Conscious Being** ની દુનિયામાં આવકારતા આનંદની લાગણી અનુભવે છે. આ ભાવિ નાગરિકોનાં સર્જકો વચ્ચે એક અનુબંધ બાંધવાની પહેલ છે, કારણ કે it takes a big heart to shape little ones. NJCT એ શીખનારના જીવનમાં સકારાત્મક પરિવર્તન લાવવાના હેતુ માટે સર્જનાત્મક વ્યકિતત્વ... the conscious being નો સમુદાય રચવા માટે પ્રતિબદ્ધ છે.

એવું કહેવાય છે કે The art of teaching is not feeding the information but it is the art of assisting discovery. આથી **NJ Charitable Trust (NJCT)** દ્વારા **TASLP** - Teachers Assisted Self Learning Program ની રચના કરવામાં આવી છે, જે અંતર્ગત શાળા સ્વ-અધ્યયન પર ભાર મૂકે અને નવી શૈક્ષણિક તકનીકી તથા નવીન સાધનોના અસરકારક ઉપયોગથી સમગ્ર શાળા તથા વિદ્યાર્થીઓના પરિણામમાં સુધારો લાવી શકાય.

શિક્ષણ જગતમાં વિહરવું એ લ્હાવો છે, નાનકડાં મનડાં સુધી પહોંચવું એ એક કૌશલ્ય છે, જે હસ્તગત કરવા માટે માત્ર બુદ્ધિ જ નહિ, પરંતુ લાગણી સભર હૃદય આવશ્યક છે. શિક્ષક એ માત્ર શિક્ષક નહી રહેતા એક લાગણીથી ભર્યું ભર્યું અસ્તિત્વ બને ત્યારે શિક્ષણના હેતુઓ આપોઆપ સંતોષાય જાય છે.

આપ સૌને નમ્ર અરજ છે કે આવો સાથે મળી આ લ્હાવો માણીએ. સૌ શીખીએ અને શીખવીએ. આ શિક્ષકના માંહ્યલાને ઉજાગર કરીએ.

“પ્રયત્ન મારો સદાય રહેશે, જ્ઞાનપથ પર ડગ ભરવાને, અમથો આ વિચાર નથી, આ છે પ્રયોજન, એકમેકના **ચિત્ત** સુધી પહોંચવાને, મળતા રહે જ્ઞાનપિપાસુ, શ્લોક ઉદ્‌ભવે અખિલાઈના. નવવિચારો જગાડે આતમને, સ્વ ની સાથે શીખું કંઈક ને દિશાદર્શન હોય અદકેરું.”

## વાર્તા રે વાર્તા...

મેક્સિકોના ગુઆનજુઆટોમાં, નાય તરીકે ઓળખાતા એક શિક્ષકે તાજેતરમાં જ ટ્વિટર પર તેના લાલ પીક-અપ ટ્રકની પાછળ એક કામચલાઉ પાઠ ભણાવતા હોવાનો એક ફોટો પ્રકાશિત કર્યા બાદ ભરપૂર પ્રંશસા મેળવી હતી. તે અને એક વિદ્યાર્થી, બંને માસ્ક પહેરીને, એક નાના ટેબલની આસપાસ બેઠા છે, શાળાના કામને આગળ વધારતા જોવા મળે છે. નાય એ એક પ્રાથમિક શાળાના શિક્ષક છે, જે ઓટીઝમ જેવા વિકલાંગ બાળકો સાથે કામ કરવામાં નિષ્ણાત છે.

મેક્સિકોમાં માત્ર અડધાથી વધુ લોકો ઈન્ટરનેટનો ઉપયોગ કરી શકે છે. તેના ઘણા વિદ્યાર્થીઓ ઓનલાઈન શિક્ષણ ન મેળવી શકે અથવા પુસ્તકો પણ ન મેળવી શકે. તે અંગે જાગૃત, તેણીએ પોતાની ટ્રકને મોબાઈલ કલાસરૂમમાં રૂપાંતરિત કરી હતી અને વિદ્યાર્થીઓ સાથે વ્યકિતગતરૂપે મળીને શીખવવા માટે દિવસના કલાકો સુધી પ્રવાસ કર્યો હતો. જ્યારે નાય પોતે માને છે કે તેના વધારાના પ્રયત્નો કંઈ ખાસ નથી, તે માત્ર એક શિક્ષકની લાગણી છે. પણ તેની વાર્તા એ દર્શાવે છે કે રોગચાળાએ સંવેદનશીલ વિદ્યાર્થીઓને કેવી રીતે સખત અસર કરી છે. આ મુશ્કેલ સમયમાં, તેઓ એ વિદ્યાર્થીઓ છે જેમને તેમના શિક્ષકોના ધ્યાનની સૌથી વધુ જરૂર છે. આ વાર્તા પ્રકાશિત કરે છે: જરૂરિયાતમંદ બાળકો સાથે વ્યકિતગત મળવાથી વધારે મહત્વનું કશું જ નથી. COVID-19 સાથેની પરિસ્થિતિ વણસતી દેખાય છે, અને ‘સામાન્યતા’ પર પાછા ફરવાનું વચન ક્ષિતિજ પર જવા જેવું હોઈ શકે છે. પરંતુ ત્યાં સુધી, ચાલો આવા શિક્ષકો પાસેથી પ્રેરણા લઈને વિદ્યાર્થીઓ માટે બનતું બધું કરી છૂટીએ.

માત્ર આપણો વિચાર, આપણી ઈચ્છા, અને સમર્પણ આવી પરિસ્થિતિમાં અને શીખનારાઓના જીવનમાં પરિવર્તન લાવી શકે. તેથી આપણે સાથે મળી આ પરિસ્થિતિમાંથી હકારાત્મક અનુભવ સાથે બહાર નીકળવાના અવિરત પ્રયાસો કરતા રહેવું જરૂરી છે.



## એન જે ડેસ્ક પર ઈ-કન્ટેન્ટ

શિક્ષકોને શિક્ષણ પ્રક્રિયા અસરકારક બનાવવા માટે મદદરૂપ થવા તથા શિક્ષકોની સહાયથી વિદ્યાર્થીઓમાં સ્વ-અધ્યયન ટેવનો વિકાસ કરવા માટે ઈ-સામગ્રી નિર્માણમાં સામેલ છીએ.

અમે ચોક્કસપણે એવું માનીએ છીએ કે શીખવા માટેનું યોગ્ય વાતાવરણનું નિર્માણ તથા જરૂરી સંસાધનો પુરા પાડવાથી વિદ્યાર્થીઓને સ્વ-અધ્યયન માટે અભિપ્રેરિત કરી શકાય છે.

- હાલમાં NJ ડેસ્ક પર ધોરણ ૧ થી ૪ માં ગણિત તથા અંગ્રેજી વિષયનું સમગ્ર વિષયવસ્તુ ઉપલબ્ધ છે.
- ધોરણ ૫ થી ૧૦ માં ગણિત, વિજ્ઞાન, સામાજિક વિજ્ઞાન તથા અંગ્રેજી વિષયનું સમગ્ર વિષયવસ્તુ ઉપલબ્ધ છે.
- ધોરણ ૧૧-૧૨ સાયન્સ (અંગ્રેજી તથા ગુજરાતી માધ્યમ)માં ફિઝિક્સ તથા કેમેસ્ટ્રીમાં લગભગ ૭૦%, ગણિતમાં ૮૫% જેટલું વિષયવસ્તુ ઉપલબ્ધ છે.

અહીંની અધ્યયન સામગ્રીની કેટલીક ઝલક દર્શાવી છે.

| Subject | Maths | Science | S S | English |
|---|---|---|---|---|
| Std 1 - 4 | 100% | NA | NA | 100% |
| Std 5 -10 | 100% | 100% | 100% | 100% |

| Subject | Physics | Chemistry | Maths | Biology | English | History |
|---|---|---|---|---|---|---|
| Std 11-12 Sci (Guj Med) | 70% | 70% | 85% | 0% | 100% | 100% |
| Std 11-12 Sci (Eng Med) | 70% | 70% | 85% | 0% | 100% | |

અમારું માનવું છે કે અધ્યયન ઈ-સામગ્રી શિક્ષક સહાયક સ્વ-અધ્યયનને અમલમાં મૂકવામાં અને વિદ્યાર્થીઓને શીખવાની પક્રિયામાં આત્મનિર્ભર બનાવવામાં મદદ કરશે.

શિક્ષકો વિદ્યાર્થીને જરૂરી સહાય અને શીખવાના પડકારોના યોગ્ય મિશ્રણથી તેમનું જીવન બદલી શકે છે. એલેક્ઝાન્ડ્રા ટ્રેનફોરે સાચું કહ્યું છે, "Best teachers are those who show you where to look, but don't tell you what to see."




## મનને ગમતાં સમાચાર



➔ વિજ્ઞાન શિક્ષક (જોંટે લી) તેના રસોડાને રસાયણશાસ્ત્ર લેબમાં રૂપાંતરિત કર્યું છે જેથી ઓનલાઈન પાઠને મનોરંજક બનાવી શકાય.

➔ મોલસ્કાઈન ફાઉન્ડેશન દ્વારા સ્થાપિત, વિકિ આફ્રીકા એજ્યુકેશન પ્રોગ્રામ, વિકિપીડિયા પરના લેખોને કેવી રીતે તૈયાર કરવું અને સબમિટ કરવું તે શીખવે છે, તે દ્વારા ક્રિએટિવિટી અને આફ્રિકન શાળાના અભ્યાસક્રમમાં સંસ્કૃતિ પ્રત્યે રસને પ્રોત્સાહન આપવાનો પ્રયાસ કરે છે.

➔ ઉત્તર ટેક્સાસ હાઈસ્કૂલ ખાતે એક અજોડ સુપરમાર્કેટની સ્થાપના કરવામાં આવી, જ્યાં સ્ટેપલર કે અન્ય વસ્તુની કિંમત એ સારા કાર્યો છે. અને પરિવર્તન? માનવ દયા અને મૂલ્યવાન જીવન પાઠ.

## વાંચવું ગમશે...



૧. તોત્તોચાન
   અનુવાદ - રમણલાલ સોની

૨. Fluid by Ashish Jaiswal

## એક ચપટી પ્રેરણા

Knowing is not enough;
**We must apply.**
Wishing is not enough;
**We must do.**

*- Johann Wolfgang*

